# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૧/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'સિનારીયો ઓન પોસ્ટ ગુજરાત હાઇકોર્ટ જજમેન્ટ ઓન ક્રેડીટ લેપ્સ' વિશે સેમિનાર યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ફિયાસ્વી, ફોગવા, પાંડેસરા વિવર્સ એસોસિએશન, વેડરોડ વિવર્સ એસોસિએશન, સાઉથ ગુજરાત વાર્પ નીટર્સ એસોસિએશન અને સુરત ઓટોલૂમ્સ વિવર્સ એસોસિએશનના સંયુકત ઉપક્રમે શનિવારે, તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'સિનારીયો ઓન પોસ્ટ ગુજરાત હાઇકોર્ટ જજમેન્ટ ઓન ક્રેડીટ લેપ્સ' વિશે સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે શ્રી અરૂણ જૈન (પ્રિન્સીપલ એસોસિએટ, પી.ડી.એસ. લીગલ, મુંબઇ), શ્રી સુમિત જૈન (સિનિયર મેનેજર, ઇ એન્ડ વાય, અમદાવાદ) અને ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ શ્રી મુકુંદ ચૌહાણે અનુક્રમે રીફંડ અંગે ગુજરાત હાઇકોર્ટનો ચૂકાદો, આઇટીસી રીફંડ માટેની પ્રક્રિયા અને રીફંડ મેળવવા માટે હજી કયા પગલા લઇ શકાય તે વિશે મહત્વનુ માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, રીફંડ અને ટફની સબસિડી માટે ઘણી રજૂઆતો કરવામાં આવી હતી. ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીને સમજવા માટે સરકારી અધિકારીઓને વેલ્યુ એડીશન કેવી રીતે થાય છે તેનો અભ્યાસ કરવા માટે આપણે ગ્રાઉન્ડ લેવલ ઉપર સુરત ખાતે બોલાવ્યા હતા. વિભાગ પાસે રીફંડ અટકાવવાની કોઇ સત્તા નથી એવો ગુજરાત હાઇકોર્ટે ચૂકાદો આપ્યો તેમ છતાં વિભાગ દ્વારા હજી સુધી રીફંડ ચૂકવવામાં આવતુ નથી તે ઇન્ડસ્ટ્રી માટે ખૂબ જ દુઃખદ બાબત કહી શકાય. આજના સેમિનારથી ઇન્ડસ્ટ્રીના પ્રશ્નોના નિરાકરણ માટે રસ્તો કાઢી શકીશુ.

પાંડેસરા વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી આશિષ ગુજરાતીએ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને રીફંડ મેળવવા માટે ગુજરાત હાઇકોર્ટમાં સૌપ્રથમ પીટીશન કરનાર શ્રી રફીકભાઇ તેમજ અન્ય એસોસિએશનોનો આભાર માન્યો હતો.

વકતા શ્રી અરૂણ જૈને પોતાના વકતવ્યમાં જીએસટી કાયદા વિશે માહિતી આપી હતી અને જણાવ્યુ હતુ કે, ગુજરાત હાઇકોર્ટના રીફંડ અંગેનો ચૂકાદો આવ્યા બાદ અધિકારીઓ રીફંડ કલેમ સ્વીકારે છે પણ રીફર કરતા નથી. ગુજરાત હાઇકોર્ટના ચૂકાદા સામે વિભાગ જો સુપ્રિમ કોર્ટમાં જશે અને સુપ્રિમ કોર્ટ સ્ટે નહી આપે તો અધિકારીઓને ગુજરાત હાઇકોર્ટનો ચૂકાદાનુ પાલન કરીને રીફંડ આપવુ જ પડશે. હાલમાં અન્ય કોઇ રાજયમાંથી હાઇકોર્ટે આ અંગે ચૂકાદો આપ્યો નથી. આથી ભારતભરમાં ગુજરાત હાઇકોર્ટનો ચૂકાદો લાગુ થાય છે.

વકતા શ્રી સુમિત જૈને આઇટીસી રીફંડની પ્રક્રિયા વિશે માહિતી આપી હતી. રીફંડ રિજેકટ થાય તો તેને કઈ રીતે આગળ લઇ જવુ તે વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે ગઇકાલની જીએસટી કાઉન્સીલની મિટીગમાં લકઝરી હોટેલના ટેક્ષરેટમાં ઘટાડો કર્યો હોવાની જાહેરાત કરવામાં આવી છે. એટલે કે સરકાર હજી માંગણીઓને ધ્યાનમાં લઇ તે વિશે વિચાર કરી રહી છે તેમ કહી શકાય છે. તેમણે એક બાબતની સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે, વિભાગ રીફંડ એપ્લીકેશનમાં જેટલુ ડીલે કરશે એટલુ વ્યાજ વધારે ચૂકવવુ પડશે. ૬૦ દિવસ વિભાગને ૬ ટકા પ્રમાણે વ્યાજ ચૂકવવાનુ રહેશે.

વકતા એડવોકેટ શ્રી મુકુંદ ચૌહાણે ઇનપુટ ટેક્ષ ક્રેડીટ લેપ્સ કેવી રીતે લેવી તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, વિભાગને રીફંડ અટકાવવાની કોઇ સત્તા નથી તે અંગે ગુજરાત હાઇકોર્ટ દ્વારા ખૂબ જ સ્ટ્રોન્ગલી ડ્રાફટ બનાવી જજમેન્ટ આપવામાં આવ્યુ છે. આથી તેમણે વિવર્સ ભાઇઓને ગુજરાત હાઇકોર્ટના ચૂકાદાને માન આપીને રીફંડ માટે વિભાગોને પત્રો લખવાનુ જણાવ્યુ હતુ. ૧૫ થી ૨૦ એપ્લીકેશન કરીને ફરીથી સ્ટ્રોન્ગલી રજૂઆત કરવામાં આવે તો એક – બે મહિનામાં જ નિકાલ આવી જશે.

ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પણ સેમિનારમાં પોતાનુ મંતવ્ય રજૂ કરી રીફંડ માટે લડત હજી આગળ ધપાવવી પડશે તેમ જણાવ્યુ હતુ.

ફીયાસ્વીના ચેરમેન શ્રી ભરત ગાંધીએ સમગ્ર સેમિનારનો ટૂંકમાં સાર રજૂ કરી જણાવ્યુ હતુ કે, વિવર્સ ભાઇઓને રીફંડ મળવાનુ જ છે. ક્રેડીટ લેપ્સની રકમ 3B માં રિકલેમ કરવા માટે તથા ક્રેડીટ લેપ્સની રકમ પર વ્યાજ ભર્યુ હોય તેને રિકલેમ કરવા માટે એક કવરીંગ લેટર વિભાગને આપવો જરૂરી છે. આ કવરીંગ લેટરનો કોમન ડ્રાફટ ચેમ્બર અથવા ફોગવાની ઓફિસેથી મેળવી લેવા તેમણે વિવર્સ ભાઇઓને સૂચન કર્યુ હતુ.

ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી હિમાંશુ બોડાવાલાએ સેમિનારમાં પ્રાસંગિક વિધી કરી હતી. નિષ્ણાત વકતાશ્રીઓએ વિવર્સ ભાઇઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. ચેમ્બરના એકઝીબીશન સેલના હેડ શ્રી દેવેશ પટેલે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનુ સમાપન થયુ હતુ.